## જન્મદિને વધામણી



કનુભાઈ પંચાલ



દેવીન્દ્રાબેન જી સુથાર
મો. ૯૪૦૯૩ ૨૩૧૦૫



યુવરાજ દિનેશકુમાર રાઠોડ
મો. ૯૮૯૮૭ ૩૦૬૨૭



હેતાંશ એ લાલવાણી
મો. ૯૪૨૮૦ ૫૦૨૦૩
મો. ૯૪૨૯૬ ૧૯૬૧૪



ધનરાજસિંહ કરણસિંહ બિહોલા

# ગુજરાત રાજ્યના ગૌરવ સમી સંસ્થા 'સુરમધુર' હવે બની દેશનું ગૌરવ



## કલાક્ષેત્રે અવિરત કાર્યરત સંસ્થા આઈસીસીઆર દ્વારા પ્રમાણિત થઈ

ગાંધીનગર, તા. ૧૭

છેલ્લાં ૩૪ વર્ષથી કલાક્ષેત્રે અવિરત કાર્ય કરતી અને સતત પ્રગતિશીલ એવી ગાંધીનગરની કલા સંસ્થા સુરમધુરની યશકલગીમાં એક નવા પીંછાનું ઉમેરણ થયું છે. સુરમધુર સંસ્થા આઈસીસીઆર દ્વારા પ્રમાણિત થઈ છે.

ઉલ્લેખનીય છે કે સંસ્થા શનિવારે ૩૫મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે અને એ જ પ્રસંગે તેની ગરિમામાં આ સિદ્ધિનો વધારો નોંધાયો છે. ભારત સરકારના મિનીસ્ટ્રી ઑફ ઍક્સટર્નલ અફેર્સ વિભાગના 'ઇન્ડિયન કાઉન્સિલ ફૉર કલ્ચરલ રિલેશન' દ્વારા સુરમધુર સંસ્થાને આંતરરાષ્ટ્રીય કક્ષાની લોકનૃત્ય પ્રસ્તુતિ માટે પ્રમાણિત કરવામાં આવી છે. સુરમધુર આ પ્રમાણિતતા મેળવનારી ગાંધીનગર જિલ્લાની પ્રથમ સંસ્થા અને રાજ્યની ૩૩ સંસ્થાઓ પૈકીની એક બની છે.

સંસ્થાના સ્થાપના કાળથી આજ સુધી સતત નવા પ્રયોગો કરી અલગ અલગ થીમ ઉપર કાર્યક્રમો તૈયાર કરી સુરમધુરે સંગીત અને નૃત્ય ક્ષેત્રે પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સુરમધુરની ગત વર્ષગાંઠે આવો જ એક થીમ બેઝ્ડ મેગા શો 'શૂરગાથા ગુજરાતની' ગાંધીનગર શહેરમાં યોજવામાં આવ્યો હતો.

સુરમધુરના ટ્રસ્ટી મયંકભાઈ દવે, વીણાબેન દવે, ડૉ. વિજયભાઈ ઉપાધ્યાય અને સ્મિતાબેન અધ્વર્યુ તેમજ સંસ્થાના તમામ કલાકાર, કસબીઓ પ્રતિ ગાંધીનગરની કલાપ્રેમી જનતા તરફથી અભિનંદનનો પ્રવાહ વહી રહ્યો છે.

### શ્રીભાગવત વિદ્યાપીઠ, સોલા, અમદાવાદ સંચાલિત

# શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા 'સંસ્કૃત લિટરેચર ફેસ્ટીવલ'નું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

શ્રી ભાગવત વિદ્યાપીઠ સંચાલિત શ્રી વરતંતુ મહાવિદ્યાલય દ્વારા પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદયપુર (ભારત સરકાર)ના સહયોગથી તા. ૧૮-૦૩-૨૦૧૭ ના રોજ 'સંસ્કૃત લિટરેચર ફેસ્ટિવલ' જ્ઞાનસત્રનું આયોજન કરેલ છે, જે કાર્યક્રમના આયોજન દરમ્યાન વિવિધ સત્રો જેવા કે ગોષ્ઠિ, ચર્ચા, નાટ્યમંચન, સંસ્કૃત કવિ સંમેલન દ્વારા દેવભાષા સંસ્કૃતના પ્રચાર, પ્રસાર કરવામાં આવશે. સંસ્કૃત ભાષાના આ સમગ્ર જ્ઞાનસત્રનું આયોજન અને રજૂઆત શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારો દ્વારા જ થનાર છે.

શ્રી ભાગવત વિદ્યાપીઠ સંચાલિત શ્રી વરતંતુ મહાવિદ્યાલય એક શિક્ષણ સંસ્થા છે, જે દેવભાષા સંસ્કૃતનું તેમજ ભારતીય સંસ્કૃતિના જતન, પોષણ, સંવર્ધન કરવાના યજ્ઞમાં વર્ષોથી કાર્યરત છે. આ મહાવિદ્યાલયમાં ૩૦૦થી વધુ ઋષિકુમારો સંસ્કૃત ભાષામાં વેદો, ઉપનિષદો, વૈદિક સાહિત્ય, પૂરાણો, મિમાંસાઓ, ભારતીય નાટ્યશાસ્ત્ર, જ્યોતિષ વિજ્ઞાન જેવાં ભારતીય વૈદિક સંસ્કૃતિને લગતા સાહિત્યનું અધ્યયન કરે છે. શ્રીવરતંતુ મહાવિદ્યાલયમાં ભણાવાતા વિવિધ વિષયો પૈકી ભારતીય નાટ્યશાસ્ત્ર એ ખૂબ જ અગત્યનો વિષય છે. નાટ્યશાસ્ત્ર એ ભારતની સૌથી પ્રાચીન કળાની શાસ્ત્રીય જાણકારી આપતું શાસ્ત્ર છે. નાટ્યશાસ્ત્રમાં માત્ર નાટ્ય રચનાના નિયમોનું જ આકલન નથી હોતું, પણ અભિનેતા, રંગમંચ અને પ્રેક્ષકો એ ત્રણે તત્ત્વોની પૂર્તિ માટેના સાધનોનું વિવેચન હોય છે. રંગમંચ, અભિનેતા, અભિનય, નૃત્ય, ગીત, વાદ્ય, દર્શક, દશરૂપક અને રસ નિષ્પતિ સંબંધિત બધા તથ્યોનું તેમાં સંકલન હોય છે.

આવા ભારતના સંસ્કૃત ભાષાના પ્રાચીન નાટ્યશાસ્ત્રને અને સાથે સાથે દેવભાષા સંસ્કૃતને આજના આધુનિક પશ્ચિમવર્તી વાતાવરણમાં સંવર્ધન આપવા અને તેના મહત્ત્વને સમજાવવા માટે આ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

### આંતરરાષ્ટ્રીય વન દિવસ નિમિત્તે

# વન-પર્યાવરણ સંરક્ષણ બાબતે જાગૃતિ અર્થે વોલ પેઈન્ટીંગ, રેલી જેવા કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

વિશ્વભરના લોકોમાં વનો પ્રત્યે જાગૃતિ, સંરક્ષણની ભાવના તથા વનોની અગત્યતા ઉજાગર કરવા માટે યુનાઈટેડ નેશન ઓર્ગેનાઈઝેશન દ્વારા દર વર્ષે તા. ૨૧મી માર્ચને "આંતરરાષ્ટ્રીય વન દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.

ગાંધીનગરના પ્રકાશન અને સંપર્ક વિભાગના નાયબ વન સંરક્ષક કિશોરભાઈ સી. ત્રિવેદીએ જણાવ્યું છે કે તા. ૧૯/૩/૨૦૧૭ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત એન.આઈ.ડી. અમદાવાદ અને વન વિભાગના સંયુકત ઉપક્રમે વન, પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વન્ય જીવ વિષયક વોલ પેઈન્ટીંગનો કાર્યક્રમ સવારે ૯-૦૦ થી ૩-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. જયારે તા. ૨૧મી માર્ચના રોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી બાયસેગના માધ્યમથી સેટકોમ દ્વારા સવારે ૯-૦૦થી ૧૦-૩૦ દરમ્યાન પ્રજાજનોને ઉદબોધન કરશે.

ગાંધીનગર ખાતે તા. ૨૧ માર્ચ ૨૦૧૭ના રોજ સવારે ૭-૦૦ થી ૯-૦૦ દરમિયાન ઘ-૨ સર્કલથી ઘ-૪ સર્કલ સુધી શહેરની નામાંકિત શાળાઓના વિદ્યાર્થીઓ, પ્રકૃતિ મંડળોના સભ્યોની રેલી યોજાશે. જેમાં વન-પર્યાવરણ સંરક્ષણનાં સૂત્રો-બૅનર્સ દ્વારા લોકોને વન અને પર્યાવરણ સંરક્ષણની પ્રેરણા આપવામાં આવશે.

## આર સી પટેલસ્કૂલ ખાતે ટ્રાફિક અવૅરનૅસ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે ટ્રાફિક અવેરનેસ અને રોડ સેફ્ટી વિષયે સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આરટીઓ, ગાંધીનગરના પ્રતિનિધિ પ્રતીક દવે, દિક્ષિત પટેલ દ્વારા પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન તથા પ્રવચનના માધ્યમથી ભારત અને વિશ્વમાં થતા અકસ્માત, તેની સંખ્યા, અકસ્માતનાં કારણો, નિવારવાના ઉપાયો, રોડ પરની નિશાનીઓ, લાયસન્સ મેળવવાની પધ્ધતિ અંગે વિગતે સમજ આપવામાં આવી હતી. ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકોએ પણ એ આ માહિતીપ્રદ કાર્યક્રમનો લાભ લીધો હતો. અંતે આભારવિધિ સંજય ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી.

## શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં થેલેસેમિયા ટેસ્ટનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે તાજેતરમાં થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપક્રમ અંતર્ગત ૧૭૫ જેટલી વિદ્યાર્થીનીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

થેલેસેમિયા પ્રિવેન્શન પ્રોજેક્ટ અંતર્ગત ઈન્ડિયન રેડક્રોસ સ્ટેટ બ્રાન્ચ, અમદાવાદ દ્વારા આ કાર્યક્રમ માટે સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગે કૉલેજના અધ્યાપકો ઉપરાંત રેડક્રોસ, ગાંધીનગર જિલ્લા શાખાના ડૉ. નરેન્દ્ર કે પટેલ, જીલુભા ધાંધલ, હિતેશભાઈ રાવલ, અનિલભાઈ પ્રજાપતિ, અશ્વિનભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજનાં આચાર્ય ડૉ. ઊમાબેન ચૌધરી દ્વારા સમગ્ર કાર્યક્રમને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ બેઝીક ઇંગ્લિશ ગ્રામર વર્કશૉપ



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ૧૫ માર્ચથી બેઝીક ઈંગ્લિશ ગ્રામર વર્કશૉપનો આરંભ કરવામાં આવ્યો છે, જે આગામી તા. ૨૧ માર્ચ સુધી ચાલશે. ગુજરાત યુનિવર્સિટી સ્કૂલ ઑફ લૅન્ગ્વેજ અંતર્ગત અંગ્રેજીનાં વિભાગ અધ્યક્ષ ડૉ. દર્શના ત્રિવેદીએ આ વર્કશૉપના પ્રારંભે મુખ્ય વક્તવ્ય આપ્યું હતું. આ વર્કશૉપ અંતર્ગત વિષયના પેટાવિભાગો બાબતે ડૉ. બી સી રાઠોડ, ડૉ. મમતા બુચ, પ્રૉ. ભરતસિંહ પી રાવનાં વક્તવ્યો યોજાઈ ચૂક્યાં છે. શનિવારે ડૉ. બી ઍમ વાઘેલા, સોમવારે પ્રૉ. મિતા શાહ અને મંગળવારે પ્રૉ. મધુકાન્ત મૅકવાનનાં પ્રવચન યોજાઈ રહ્યાં છે.

## ડાયરેક્ટ ❤ સે

હું મંદિરમાં આવ્યો
ને દ્વાર બોલ્યું,
પગરખાં નહીં
અભરખાં ઊતારો

- ગૌરાંગ ઠાકર

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**



મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા ખાતે હોળી-ધૂળેટી પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પ્રાચીન પદ્ધતિ મુજબ હોળી પ્રગટાવીને વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું અનો માટી, હળદર, મધ વગેરે આયુર્વેદમાં ઉલ્લેખિત પદાર્થોના માધ્યમથી ધૂળેટીનું પર્વ ઉજવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મન મૂકીને આ ઉજવણીના માધ્યમથી આનંદ પ્રાપ્ત કર્યો હતો.

### આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી-વિનસ ખાતે

# બ્રાન્ડીંગ, વેબ ડિઝાઈન વિષયે વર્કશૉપ યોજાયો



## ઔદ્યોગિક એકમના બ્રાન્ડીંગ સંબંધે માહિતી વિદ્યાર્થીઓને અપાઈ

ગાંધીનગર, તા. ૧૭

શહેરની આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી-વિનસ ખાતે તારીખ ૧૬ માર્ચ ૨૦૧૭ના રોજ કોમ્પ્યુટર એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ માટે બ્રાન્ડીંગ અને વેબ ડિઝાઈન પર એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

**VRASM** કંપનીના ફાઉન્ડર અને વેબ ડિઝાઈનમાં અનુભવી વૃંદા ગડેશાએ વિદ્યાર્થીઓને ડાઈમેન્શન્સ ઓફ ડિઝાઈન નો ખ્યાલ આપ્યો હતો. તેમણે રેડ એફ એમમાં શો પ્રોડયુસર તથા ડિજીટલ મિડિયા મેનેજર તરીકે પણ કાર્ય કરેલ છે. આ વર્કશોપમાં કોલેજના કોમ્પ્યુટર એન્જીનિયરીંગ વિભાગના લગભગ ૧૫૦ જેટલાં વિદ્યાર્થીઓ તથા ફેક્લ્ટીએ ભાગ લીધો હતો.

વૃંદા ગડેશાએ વિદ્યાર્થીઓને વર્તમાન સમયની વિવિધ ડિઝાઈન અનુલક્ષી જરુરિયાતો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વેબ ડિઝાઈન સાથે એક કંપની માટે તેના લોગો, આઈકોન તથા બેનર અને કન્ટેન્ટનું કેટલું મહત્વ છે તેના વિશે તેઓએ તમામ જરુરી જાણકારી આપી હતી. કંપનીને ઓળખાણથી બ્રાન્ડ બનવા માટે કેટલાં પાસાઓ ધ્યાનમાં રાખવા પડે છે તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ વર્કશોપમાં તેમણે વિવિધ ડિઝાઈન ટુલ્સ જેવાકે ફોટોશોપ, ઈલસ્ટ્રેટર વગેરેનો ખ્યાલ આપ્યો તથા કંપની માટે લોગો કે આઈકોન બનાવવા માટે કેટલા ડિઝાઈન ડાઈમેન્શન્સ જરુરી છે તે જણાવ્યું હતું. એક ડિઝાઈનમાં કેવા રંગોનો ઉપયોગ કરવો, કેટલી સાઈઝ લઈ શકાય તથા ઓછી કિંમતમાં કઈ રીતે ડિઝાઈનીંગ તૈયાર કરી શકાય તે સમજાવ્યું હતું. કંપનીના કાર્ય/પ્રોડક્ટને અનુરુપ વિવિધ રંગો કંપનીની પ્રોડક્ટને વધુ સારી રીતે રજુ કરી શકે છે. રંગો સાથે સાથે સ્લોગન અને વેબસાઈટનું બેનર પણ ઓડિયન્સને આકર્ષિત કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. વર્કશોપના છેલ્લા સેશન દરમિયાન શ્રી વૃંદાએ થીંક કલાઉડ વિશે જણાવતા કહ્યું હતું કે એક પ્રોડક્ટ માટે જ્યારે ડિઝાઈન બનાવવાનું શરુ કરીએ ત્યારે મગજમાં આવતા વિવિધ વિચારોને કાગળ પર લખી તેનું કેવી રીતે વિશ્લેષણ કરવું તેનું નિર્દેશન કરાવ્યું હતું.

આ વર્કશોપથી કોમ્પ્યુટર એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓને કેરીયર બનાવવા માટે વધુ એક દિશા મળી હતી.

# બકરાભાઈએ બૉલિંગ કરી, સિંહે મારી સિક્સર

ગાંધીનગર , તા. ૧૭

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય પરિષદના સહિયારા પ્રયાસથી ભરત કવિના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં ચંદ્રકાન્ત શેઠ બાળશ્રેણી અંતર્ગત ગાંધીનગરના બાળ સાહિત્યકાર ફિલીપ ક્લાર્ક દ્વારા મધુરાં બાળ કાવ્યો રજૂ કરવામાં આવ્યાં હતાં. શ્રોતાઓ દ્વારા આ કાવ્યોની ન માત્ર મજા માણવામાં આવી હતી, પરંતુ મન અને મોં ભરીને પ્રશંસા પણ કરવામાં આવી હતી.



સાહિત્યક્ષેત્રે ૩૫ જેટલાં પુસ્તકો આપનારા ફિલીપ ક્લાર્કે બાળ સાહિત્યનાં પચીસ પુસ્તકો આપ્યાં છે. મોબાઈલની સરખામણીએ વાર્તાથી બાળકોને વધુ રાજી કરી શકાય એમ કહી એમણે બાળ સાહિત્યની સાંપ્રત સમસ્યાનાં નિરાકરણો આપ્યાં હતાં.

છનાકાકાના છબરડા, ગુલ્લુના રસગુલ્લા અને મહેનતનાં ફળ મીઠાં જેવી બાળવાર્તાઓ સાથે એમણે કેટલાંય બાળકાવ્યો રજૂ કર્યાં હતાં.

લીધાં પૅન, પાટી
ભણવા બેઠો હાથી
પગથી પકડી પાટી
સૂંઢથી પકડી પેન
ધીમે રહીને હાથીએ
લખ્યું વન ટુ ટૅન

ફિલીપ ક્લાર્કને માણવા સાહિત્યરસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. એમનું સ્વાગત ભરત કવિ દ્વારા કરાયું હતું, સન્માન ઍચ બી વરિયાએ કર્યું હતું.

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે સર્જકની સર્જન યાત્રાની વાત સાથે આભારવિધિ કરી હતી. અવનવાં બાળકાવ્યો, જોડકણાં, ઉખાણાંના માધ્યમથી ફિલીપ ક્લાર્કે શ્રોતાઓને મોજ કરાવી દીધી હતી.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**